| **Headline:** SGX exchange to list NSE Indices | |
|---|---|
| **Source:** Mid Day Gujarati | **Date:** 04 April 2016 |

# સિંગાપોર સ્ટૉક એક્સચેન્જ પર લિસ્ટ થશે NSE ઇન્ડાઇસિસ

**નૅશનલ** સ્ટૉક એક્સચેન્જ (NSE)ના કુલ ચાર ઈન્ડાઈસિસ બૅન્ક નિફ્ટી, નિફ્ટી IT, નિફ્ટી મિડ કૅપ ૫૦ અને નિફ્ટી CPSE ઈન્ડેક્સ પહેલી વાર સિંગાપોર સ્ટૉક એક્સચેન્જ પર લિસ્ટ થવા જઈ રહ્યા છે. ભારતીય ડેરિવેટિવ્ઝના સૂચક-અંક વિદેશી સ્ટૉક એક્સચેન્જ પર લિસ્ટ થવાનો આ પહેલો પ્રસંગ છે.

હાલની તારીખમાં સિંગાપોર સ્ટૉક એક્સચેન્જ પર નિફ્ટીના સૂચક-અંક નિફ્ટી-૫૦ પર ફ્યુચર્સ કૉન્ટ્રૅક્ટના સોદા મોટી માત્રામાં ચાલી રહ્યા છે. NSEના આ પગલાને કારણે ભારત અને સિંગાપોરના બજાર અને રોકાણકારોને સારી એવી સુવિધા હાંસલ થઈ શકશે. ૨૦૧૫માં NSE ફ્યુચર કૉન્ટ્રૅક્ટનું કુલ ટર્નઓવર ૩૬૦ અબજ ડૉલર થયું હતું.

***IT*** ***= ઈન્ફર્મેશન ટેક્નૉલૉજી***
***CPSE*** ***= સેન્ટ્રલ પબ્લિક સેક્ટર એન્ટરપ્રાઈઝિસ***